તારાંકિત પ્રશ્ન                                                                                                     ક્રમાંક: પ્ર/

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/643

વિષય:

પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકનદર/ભાડાથી સરકારી જમીન

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઈન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
|---|---|---|
| 10/01/2024 | તારીખ 02/02/2024 | 17/01/2024 |

*15/4/643    શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ)

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન જણાવવા કૃપા કરશે કે:-

ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં સભાગૃહમાં તા.૨૬/૦૩/૨૦૨૧ના સભાગૃહમાં રજૂ થયેલ સત્તરમી અતારાંકિત યાદીમાં અતારાંકિત પ્રશ્ન ક્રમાંક-૭૫૭૪ના અનુસંધાને માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થા સ્વામીનારાયણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનને ૪૦,૦૦૦ચો.મી. જમીન ટોકનદર/ભાડાથી આપવામાં આવેલ તે જમીન શરતભંગ થતાં જમીનના આકારના ૧૦ ૫ટ દંડ કરવા તથા હુકમની તારીખથી બે વર્ષમાં ઈજનેરી કોલેજ શરૂ કરવા માટે તા.૧૦/૧૧/૨૦૨૦ના હુકમ કરવામાં આવેલ તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયારે ઈજનેરી કોલેજ શરૂ કરવામાં આવેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ ઈજનેરી કોલેજ શરૂ થયેલ ન હોય તો શરતભંગ બદલ અને જમીન પરત લેવા કયારે શા પગલાં લીધાં?

----